# કુદરતની અજાયબી – ‘વહેલ’

– નારણભાઈ એચ. મકવાણા

‘બાળ મિત્રો’, આપણી પૃથ્વી પરના સૌથી મોટા પ્રાણી વિશે તમે જાણો છો ? પ્રશ્ન વાચી વિચારશો કે હા, હાથી અથવા તો જિરાફ !

પણ ના.....હો ભાઈ, ચાલો હુ જવાબ આપુ – જવાબ છે બ્લ્યૂ વહેલ’ નવાઈ લાગીને જરા !

વહેલ નામની વિશાળકાય પ્રાણી છે અને તે ધરતીનુ સૌથી મોટુ પ્રાણી છે. આ પ્રાણી ઊંડા સાગરમા રહે છે. પૃથ્વી ઉપરના પ્રાણીઓની ગણતરીમા તે જળચર પ્રાણી તરીકે ઓળખાય છે. તેમનુ કુદરતી ઘર શીતકટિબધની આસપાસના મહાસાગરોમા રહે છે. જેમકે એટલાન્ટિક મહાસાગર. પેસેફિક મહાસાગર પણ. આ પ્રાણી પૃથ્વી પરના લગભગ બધા જ મહાસાગરોમા જોવા મળે છે.

વહેલની વિવિધ જાતો હોય છે. જેમકે બ્લ્યૂ વહેલ, મલારિયા વહેલ અને કિલર વહેલ.

પૂર્ણ વિકસિત બ્લ્યૂ વહેલનુ વજન ૧૦૦ ટનથી વધારે હોય. તેની લબાઈ લગભગ ૩૦ થી ૩૭ મીટર એટલે કે ૧૦૦ ફૂટ લાબી હોય છે. તેથી આ બ્લ્યૂ વહેલ નામની માછલી સૌથી મોટુ વિશાળકાય જળચર પ્રાણી છે.

મલારિયા નામની વહેલ સૌથી નાની જાત છે, જે આપણા હિદ મહાસાગરમા જોવા મળે છે. તેને ‘દેવ માછલી’ પણ કહેવાય છે.

ત્યાર બાદ કિલર વહેલ જાતિ હોય છે. જેને ગુજરાતીમા ‘કાબરી વ્હેલ’ અથવા તો ‘ઘાતક વહેલ’ કહેવાય છે.

નર વહેલની લબાઈ ૨૫ ફૂટ સુધીની હોય અને વજન ૬ ટન જેટલુ હોય છે. આટલુ ભારેખમ વજન હોવા છતા નર વહેલ પાણીમાથી હવામા આરામથી કૂદકા લગાવી શકે છે.

વહેલનુ શરીર ખૂબ જ સુદર, સુવાળુ અને પાણીમા સહેલાઈથી સરકવા અનુકૂળ હોય છે. તેને પોતાની પૂછડીના બે પહોળા પાખિયા હોય જેથી તે હલેસાનુ કામ કરે છે. કુદરતી રીતે બધી જ પ્રકારની માછલીઓ ઈંડા મૂકે છે, પણ વહેલ નામની માછલી સસ્તન જાતિનુ જળચર પ્રાણી છે અને તે બચ્ચાને જન્મ આપે. તેના બચ્ચાની સારી સભાળપૂર્વક ઉછેર કરે છે અને તેને દૂધ પણ પાય છે.

વહેલ સસ્તન પ્રાણી હોવા છતા તેના શરીરે રુવાટી હોતી નથી; પરતુ ચામડીની નીચે ચરબીનો મોટો થર હોય છે. જેને બ્લર કહે છે. આ બ્લરના કારણે જ વહેલ ઠડા મહાસાગરમા તેના શરીરનુ ઉષ્ણતામાન જાળવી રાખી આસાનીથી જીવી શકે છે.

કુદરતે વહેલને નસકોરા માથામા ઉપરના ભાગે આપ્યા છે. જેને બ્લો હોલ્સ કહેવાય છે. વહેલ જ્યારે ઉચ્છ્વાસ બહાર કાઢ છે ત્યારે પાણીનો નાનકડો ફૂવારો ઊડે છે.



સામાન્ય રીતે બધી જ જાતની વહેલો નિર્દોષ હોય છે. તે માણસ ઉપર હુમલો કરતી નથી. તેનો ખોરાક મુખ્યત્વે સીલ, પેગ્વિન, વોલરસ તથા માછલીઓ છે. ખોરાકની શોધમા છેક મહાસાગરના તળિયા સુધી આસાન ડુબકી લગાવી શકે છે.

વહેલ મોટાભાગે ટોળામા જ રહે છે અને સાથે જ શિકાર કરે છે. વહેલ મોટા પ્રાણીઓનો પણ આસાનીથી શિકાર કરી શકે છે. નાની માછલીનો શિકાર કરવાની કળા અનેરી છે. વહેલ તેના મોટા ટાકા જેવા મુખમા પાણી  ઘરી લે છે અને મોઢ બધ કરી દે અને પાણી ગાળી બહાર કાઢ પછી મોઢામા જે તરલ જીવસૃષ્ટિ રહી જાય તેને ગળી જાય છે. આ મોટા પ્રમાણમા ખોરાક વડે તે તેનુ પેટ ભરે છે.

વહેલ માદા ત્રણથી ચાર વર્ષે માત્ર એક જ બચ્ચાને જન્મ આપે છે. બચ્ચુ જન્મતાની સાથે જ તેને શ્વાસ લેતુ કરવા માદા વહેલ તેને પાણીની સપાટી પર લઈ આવે છે. જન્મ વખતે બચ્ચુ આઠ ફૂટ સુધીનુ હોય છે. તે પુષ્કળ ચરબીવાળુ દૂધ ગટગટાવીને વિકાસ પામ્યા કરે છે અને દશ વર્ષે તે પુખ્ત વયે પહોચે છે. વહેલનુ બચ્ચુ ૧૬ માસ સુધી ગર્ભાશયમા રહે છે.

હજારો વર્ષથી આ વહેલ સમુદ્ર ઉપર તેનુ વર્ચસ્વ ટકાવી રહી છ અને આપણા મહાસાગરોની શોભામા અભિવૃદ્ધિ કરે છે; પરતુ આ વિશાળકાય પ્રાણીનો ખાત્મો બોલાવવા માણસ જાત આગળ વધી રહી છે.

વહેલની ચામડીની નીચે રહેલી ચરબી તેના મોતનુ કારણ બની છે. કારણ કે આ ચરબીમાથી કીંમતી તેલ પ્રાપ્ત થાય છે. આ તેલ પ્રાપ્ત કરવા કાળા માથાનો માનવી તેનો આડેધડ ચોરીછૂપીથી બેફામ શિકાર કરે છે, જેથી આ જીવ સમુદ્રમા ઘટી રહ્યા છે.

માણસની અવિરત વિકસતી બુદ્ધિ વડે વાહનવ્યવહારના અનેક સાધનો બનાવ્યા જેમા જળમાર્ગે ચાલતી મહાકાય સ્ટીમરો, સબમરીન, યુદ્ધ જહાજો આ પ્રાણીને ખૂબ નુકસાન પહોચાડ છે. સમુદ્રના શાત વાતવરણમા નાહકની ખલેલ પહોચાડે છે, જેથી વહલનુ જીવવુ દુષ્કર બની ગયુ છે.

■